# લલાટે લખ્યા લેખ

## સાપ્તાહિક ભવિષ્ય (સોમવાર થી રવિવાર)

તારીખ ૨૮ ડિસેમ્બર થી ૦૪ જાન્યુઆરી

મેષ વૃષભ મિથુન કર્ક સિંહ કન્યા તુલા વૃશ્ચિક ધનુ મકર કુંભ મીન

જ્યોતિષ
ઋષિ બટુકભાઈ શાસ્ત્રી
સંપર્ક: ૯૮૯૮૯ ૯૦૮૮૭

### મેષ (અ-લ-ઇ)

આપના માટે મધ્યમ પ્રકારનો સમય સાથે લાવતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના સમયગાળા દરમિયાન આર્થિક બાબતે નાણાકીય તંગી સ્પષ્ટ વર્તાય. વ્યાપાર-ધંધામાં વાતાવરણ શુષ્ક જણાય. હાલ મોટા આર્થિક રોકાણો મુલત્વી રાખવા. આરોગ્ય સુખાકારી ઉત્તમ રહેવા પામે. જુના રોગોમાંથી મુક્તિ મળતા રાહતનો અનુભવ થાય. સાંસારિક જીવનમાં એક-મેકનો સાથ-સહકાર મળી રહે. રાજકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા જાતકોએ શત્રુ વિરોધીઓથી સાવધાની રાખવી આવશ્યક જણાય. તા. ૨૯ થી ૧ નાણાભીડ. તા. ૨ થી ૪ સ્વાસ્થ્ય સુધરે.

### વૃષભ (બ-વ-ઉ)

તમારા માટે ભાવનાત્મક સમય સાથે લાવતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના દિવસો દરમિયાન નજીકના સંબંધો વધુ ગાઢ બનતા જણાય. પરિવારજનો-સ્નેહીજનો સાથે આનંદપૂર્વક સમય વિતાવી શકશો. સાંસારિક જીવનની વિટંબણાઓમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ પ્રાપ્ત થાય. મોજ-શોખ પાછળ નાણાનો વ્યય થતો જણાય. જમીન-મકાન અંગેના વિવાદોનો નિકાલ લાવી શકશો. સામાજિક-જાહેરજીવન ક્ષેત્રે સંકળાયેલા જાતકો માટે સમય નબળો પૂરવાર થાય. તા. ૨૯ થી ૧ સાનુકૂળ. તા. ૨ થી ૪ આનંદદાયી.

### મિથુન (ક-છ-ઘ)

આપના માટે માન-સન્માનમાં વૃદ્ધિ અપાવતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના સમયગાળા દરમિયાન આપને સામાજિક-જાહેરજીવન ક્ષેત્રે માન-સન્માન, યશ-કીર્તિમાં વૃદ્ધિ થતી જોવા મળે. નાણાકીય સ્થિતિ સદ્ધર બને. શત્રુ વિરોધીઓ ઉપર વિજય મેળવી શકશો. સ્વાસ્થ્ય બાબતે આહાર-વિહારમાં તકેદારી રાખવી અનિવાર્ય બની રહે. ગૃહસ્થ જીવનમાં વાતાવરણ મધ્યમ રહે. સંતાન તરફથી શુભ સમાચાર પ્રાપ્ત થાય. નોકરિયાત વર્ગ માટે સમય લાભદાયક પૂરવાર થાય. તા. ૨૯ થી ૧ સ્વાસ્થ્ય સંભાળવું. તા. ૨ થી ૪ માન-સન્માન.

### કર્ક (ડ-હ)

તમારા માટે ધંધા-વ્યવસાય ક્ષેત્રે લાભ અપાવતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના દિવસો દરમિયાન વ્યાપાર-ધંધા-વ્યવસાય ક્ષેત્રે લાંબા સમયથી ચાલી આવતી મંદીની અસરમાંથી મુક્તિ મેળવી શકશો. ધાર્યો લાભ પ્રાપ્ત થતા ઉત્સાહમાં વધારો થતો જોવા મળે. નાણાકીય સ્રોતો મેળવવાનો માર્ગ મોકળો થતો જણાય. ગૃહસ્થજીવનનું વાતાવરણ ડ્રમાડોળ થતું જણાય. પરસ્પર અહમ્‌નો ટકરાવ થતો જણાય. જમીન-મકાન-રહેઠાણને લગતા પ્રશ્નો હશે તો તેનો નિકાલ લાવી શકશો. તા. ૨૯ થી ૧ વિવાદ ટાળવા. તા. ૨ થી ૪ લાભદાયી.

### સિંહ (મ-ટ)

આપના માટે સામાજિક-જાહેરજીવન ક્ષેત્રે કાર્યરત રાખતું સમય સાથે લાવતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના સમયગાળા દરમિયાન આપના થકી કોઈ મહત્ત્વનું કાર્ય સંપન્ન થાય, જેના કારણે આપની માન-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થતી જોવા મળે. આપના કાર્ય ક્ષેત્રે આપ વ્યસ્ત બનતા જણાવ. મોજ-શોખ પાછળ સમય અને નાણાનો વ્યય થાય. નોકરી-ધંધા-વ્યવસાય ક્ષેત્રે પ્રગતિ-ઉન્નતિ જોવા મળે. સંતાનના અભ્યાસ અને આરોગ્ય બાબતે ચિંતા રહ્યા કરે. મિત્રોનો સાથ-સહકાર રહે. તા. ૨૯ થી ૧ વ્યસ્તતા. તા. ૨ થી ૪ ખર્ચાળ.

### કન્યા (પ-ઠ-ણ)

તમારા માટે મહત્ત્વના કાર્યોમાં સાવધાની રાખવાની સલાહ આપતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના દિવસો દરમિયાન આપ આપના અગત્યના નિર્ણય લેવામાં થાપ ખાઈ શકો છો. કલ્પના અને હકીકતની વચ્ચે અટવાતા જણાવ. આર્થિક રોકાણ તથા મિલકતની ખરીદીમાં સાવચેત રહેવું. સ્વાસ્થ્ય સુખાકારી સારી રહેવા પામે. પારિવારિક ક્ષેત્રે વડીલ વર્ગ, માતા-પીતા તરફથી સહકાર તથા સ્નેહ પ્રાપ્ત કરી શકશો. સંતાન અંગે ચિંતા હશે તો દૂર થશે. નોકરિયાત વર્ગને કાર્યબોજ વધે. તા. ૨૯ થી ૧ સંભાળવું. તા. ૨ થી ૪ સ્વાસ્થ્ય સુધરે.

### તુલા (ર-ત)

આપના માટે માનસિક શાંતિનો અનુભવ કરાવતું સમય સાથે લાવતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના સમયગાળા દરમિયાન આપ માનસિક રીતે પ્રસન્ન રહેતા જણાવ. પરિવારજનો-સ્વજનો સાથે સમય આનંદપૂર્વક પસાર કરી શકશો. ભૌતિક સુખ-સગવડ, ભોગ-વિલાસના સાધનો પાછળ નાણાનો વ્યય થતો જણાય. વ્યાપાર-વ્યવસાયમાં મંદીના દર્શન થાય. ધાર્યો લાભ મેળવવા હજુ યોગ્ય સમયની રાહ જોવી પડે. સાંસારિક જીવનમાં એક-મેકનો સાથ-સહકાર મળી રહે. તા. ૨૯ થી ૧ આનંદદાયી. તા. ૨ થી ૪ ખર્ચ-વ્યય.

### વૃશ્ચિક (ન-ય)

તમારા માટે પરિવર્તનશીલ સમય સાથે લાવતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના સમયગાળા દરમિયાન સમય આપના પક્ષે રહેતા સાનુકૂળતા રહે. વ્યાપાર-વ્યવસાયમાં આકસ્મિક લાભ પ્રાપ્ત થઈ શકે. સ્વાસ્થ્ય બાબતે કોઈ સમસ્યા હશે તો તેમાં ધીમી ગતિએ, પણ મક્કમ સુધારો જોવા મળે. ગૃહસ્થ જીવનમાં વાતાવરણ ઉગ્ર બની શકે છે. વાણી ઉપર સંયમ રાખવો શ્રેષ્ઠ રહેશે. જમીન-મકાનના પડતર પ્રશ્નોનો નિકાલ લાવવામાં સફળતા પ્રાપ્ત થાય. તા. ૨૯ થી ૧ તણાવ રહે. તા. ૨ થી ૪ શુભ ફળદાયી.

### ધન (ભ-ધ-ફ-ઢ)

આપના માટે નાણાભીડનો અનુભવ કરાવનારો સમય સાથે લાવતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના દિવસો દરમિયાન આર્થિક વ્યવહાર કરવામાં સાવધાની રાખવી. આકસ્મિક કે અણધાર્યા ખર્ચ થવાની પૂર્ણ શક્યતા જણાય છે. નિશ્ચિત આયોજન બનાવીને કામ લેશો તો ફાયદામાં રહેશો. જમીન-મકાન-રહેઠાણને લગતા પ્રશ્નો હલ થતા જણાય. સ્વાસ્થ્ય સુખાકારી સારી રહેવા પામે. નોકરિયાત વર્ગને કાર્યના બદલામાં પ્રશંસા-વખાણ સાંભળવા મળે. દાંપત્ય જીવનમાં ખટરાગ થઈ શકે છે. તા. ૨૯ થી ૧ ખર્ચ-વ્યય. તા. ૨ થી ૪ મધ્યમ.

### મકર (ખ-જ)

તમારા માટે સંભાળ તથા શાંતિથી કાર્ય કરવા સલાહ આપતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના સમયગાળા દરમિયાન નાણાકીય ક્ષેત્રે નાની-મોટી ઉથલપાથલ થવાની પૂર્ણ શકયતા જણાય છે. લોભામણી તથા લાલચભરી વાતોથી અળગા રહેવું. રાજકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા જાતકોએ વિશેષ ધ્યાન રાખવું. ઘર-પરિવારમાં વાતાવરણ શાંત અને સુખમય રહે. સંતાન તરફથી શુભ સમાચાર પ્રાપ્ત થાય. ધાર્મિક કે માંગલિક કાર્યોમાં સહભાગી થવાનો અવસર પ્રાપ્ત થાય. તા. ૨૯ થી ૧ શુભ. તા. ૨ થી ૪ સંભાળ રાખવી.

### કુંભ (ગ-શ-સ)

આપના માટે સુખમય પરિસ્થિતિનું નિર્માણ કરતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના સમયગાળા દરમિયાન લાંબા સમયથી ચાલી આવતી તકલીફોમાંથી બહાર આવવાના રસ્તા મળે. નાણાકીય સ્થિતિ મજબૂત બનતા માનસિક રાહતનો અનુભવ થાય. પારિવારિક ક્ષેત્રે વડીલ વર્ગ તરફથી લાભ થાય. આરોગ્ય બાબતે તકેદારી રાખવી. નોકરિયાત વર્ગને બઢતી-બદલીના પ્રશ્નોમાં પ્રગતિ થાય. વિદ્યાર્થી વર્ગે ઈચ્છિત ફળ મેળવવા મહેનત વધારવી પડે. યાત્રા-પ્રવાસનું આયોજન ગોઠવાય. તા. ૨૯ થી ૧ સુખદ. તા. ૨ થી ૪ સ્વાસ્થ્ય સાચવવું.

### મીન (દ-ચ-ઝ-થ)

તમારા માટે તબિયત સાચવવાની સલાહ આપતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના સમયગાળા દરમિયાન સ્વાસ્થ્ય બાબતે તકેદારી રાખવી આવશ્યક બની રહે. ખાન-પાન, આહાર-વિહારમાં પરેજી રાખવી જરૂરી જણાય છે. વેપારી વર્ગને નવી ધંધાકીય ખરીદી શક્ય બને. સામાજિક ક્ષેત્રે ગુમાવેલી નામના-કીર્તિ પરત મેળવી શકશો. ભાઈ-બંધુ સાથે કોઈ વિવાદ હશે તો તેનો સુખદ નિકાલ લાવી શકશો. મિત્રોથી લાભ થાય. યાત્રા-પ્રવાસ દરમિયાન સાવધાની રાખવી. તા. ૨૯ થી ૧ સ્વાસ્થ્ય સાચવવું. તા. ૨ થી ૪ શુભ.

---

ફાયરબ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવ્યો:

## હાપા યાર્ડ રોડ પર આવેલા શ્રમિકોના ત્રણ ઝૂંપડામાં ભભૂકી આગ: ઘરવખરી ખાખ

(તસ્વીરઃ નિર્મલ કારીયા)

જામનગરના લાલવાડી વિસ્તારથી હાપા માર્કેટીંગ યાર્ડ તરફ જવાના રસ્તા પર આવેલા કેટલાક શ્રમિકોના ઝૂંપડાઓમાંથી ત્રણ ઝૂંપડામાં આજે સવારે કોઈ કારણથી આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં પ્રસરી ગયેલી આગમાં ત્રણેક જેટલા ઝૂંપડા સળગીને ખાખ થઈ ગયા હતા. આગ લાગ્યાની જાણ થતાં ફાયરબ્રિગેડના સ્ટાફે ઘસી જઈ પાણીનો મારો ચલાવ્યો હતો. આગના કારણે આ ઝૂંપડામાં રહેલી મજૂર પરિવારોની ઘરવખરી સહિતનો સામાન સળગીને ખાખ થઈ ગયો હતો.

---

દુકાનના ઓટલા પરથી બેભાન મળેલા વૃદ્ધનું મોતઃ

## કૂવામાંથી ગારો કાઢતા શ્રમિક પર પથ્થર ત્રાટક્યો: શ્વાસની બીમારીથી તરૂણીનું મૃત્યુ

*જામનગર તા. ૨૯: ખંભાળિયાના ટીંબડી ગામમાં કૂવામાં ઉતરી ગારો કાઢી રહેલા એક યુવાન પર મોત બનીને પથ્થર ત્રાટક્યો હતો. જ્યારે શ્વાસની બીમારીના કારણે ચૌદ વર્ષની તરૂણીનું લાલપરડા ગામમાં મૃત્યુ નિપજ્યું હતું. ખંભાળિયામાં એક દુકાનના ઓટલા પરથી અજાણ્યા વૃદ્ધ મૃત્યુ પામેલી હાલતમાં મળી આવ્યા હતા અને સામોર ગામમાં એક પ્રૌઢનું સારવારમાં મૃત્યુ નિપજ્યું હતું.*

ખંભાળિયા તાલુકાના ટીંબડી ગામમાં આવેલા મહાવીરસિંહ સોઢા નામના ખેડૂતના ખેતરમાં શુક્રવારે કૂવામાંથી ગાર કાઢવાનું કામ કરાઈ રહ્યું હતું. ત્યારે લખમણભાઈ મકવાણા (ઉ.વ.૪૦) નામના યુવાન તેમાં કામ કરી રહ્યા હતા.

આ યુવાન કૂવામાં ઉતરી ગારો કાઢતા હતા ત્યારે ભેખડમાંથી ફસકેલો પથ્થર આ યુવાનના માથા પર ત્રાટકતા માથામાં ગંભીર ઈજા સાથે બે શુદ્ધ બની ગયેલા લખમણભાઈને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન રવિવારે તેઓનું મૃત્યુ નિપજ્યું છે. પૂનમબેન લક્ષ્મીસીંગ ચૌહાણે પોલીસને જાણ કરી છે.

કલ્યાણપુર તાલુકાના લાલપરડા ગામના પાટીયા પાસે રહેતા મૂળ રાજસ્થાનના ઉદયપુરના મનાવડી તાલુકાના વતની દેવીલાલ નવા ગામેતી ગામના શ્રમિકના ચૌદ વર્ષના પુત્રી નિશાબેનને આઠેક મહિનાથી શ્વાસની બીમારી વળગી હતી. આ તરૂણીનું શુક્રવારે સવારે મૃત્યુ નિપજ્યું છે. પિતા દેવીલાલે પોલીસને જાણ કરી છે.

ખંભાળિયા શહેરના જડેશ્વર રોડ પર આવેલી એક દુકાનના ઓટલા પરથી શનિવારે સવારે પાંસઠેક વર્ષની વયના એક અજાણ્યા વૃદ્ધ બેભાન જેવી હાલતમાં મળી આવ્યા હતા. તેઓનું મૃત્યુ નિપજ્યાનું વિનયભાઈ દુર્ગલજીભાઈ જેઠવાએ પોલીસમાં જાહેર કર્યું છે.

ખંભાળિયા તાલુકાના સામોર ગામમાં રહેતા કચરાભાઈ ડોસાભાઈ પીંડારીયા નામના પ્રૌઢનું ગઈકાલે કોઈ કારણથી મૃત્યુ થયું છે. તેમના ભાઈ ભીખાભાઈ પીંડારીયાએ પોલીસને વાકેફ કરી છે.

### સોના ચાંદીના ભાવ

| | |
|---|---|
| ૧૦૦ ગ્રામ શુધ્ધ સોનું (બિસ્કિટ) | 14,30,000 |
| ૨૨ કેરેટ દાગીના (૧૦ ગ્રામ) | 1,28,000 |
| ૧૮-કેરેટ દાગીના (૧૦ ગ્રામ) | 1,07,200 |
| ચાંદી-૯૯૯ (૧ કીલો) | 2,52,000 |

---

પતિએ પોલીસને જાણ કરી:

## બ્લડપ્રેશરની બીમારીથી પીડાતા વૃદ્ધાનું બેભાન બની ગયા પછી નિપજ્યું મૃત્યુ

*જામનગર તા. ૨૯: ખંભાળિયાના કાકાભાઈ સિંહણ ગામમાં બ્લડપ્રેશરની બીમારીથી પીડાતા વૃદ્ધાનું બેભાન બની ગયા પછી મૃત્યુ થયું છે.*

ખંભાળિયા તાલુકાના કાકાભાઈ સિંહણ ગામના હસમુખભાઈ ખેતશીભાઈ ઝાખરીયા નામના વૃદ્ધના પત્ની વનીતાબેન (ઉ.વ.૬૦)ને છેલ્લા પંદરેક વર્ષથી બ્લડપ્રેશરની બીમારી લાગુ પડી હતી.

તે દરમિયાન ગઈકાલે વનીતાબેન બેભાન બની જતા તેઓને દવાખાને ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે આ વૃદ્ધાનું મૃત્યુ નિપજ્યાનું જાહેર કર્યું છે. હસમુખભાઈએ પોલીસને જાણ કરી છે.

---

## ભગવદ્ ગીતા શ્લોક કંઠસ્થીકરણ સ્પર્ધામાં સંસ્કૃત સમૂહગાન પ્રસ્તુત

ગુજરાત સંસ્કૃત બોર્ડ દ્વારા આયોજિત ભગવદ્ ગીતા શ્લોક કંઠસ્થીકરણ સ્પર્ધા તથા ગીતા જયંતી ઉજવણીના કાર્યક્રમમાં ખંભાળીયાના એસ.એન.ડી.ટી. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ સંસ્કૃત સમૂહગાન પ્રસ્તુત કર્યું હતું.

---

લોહાણા ઈન્ટરનેશનલ ફોરમના સહયોગથી

## જામનગરમાં લોહાણા સ્ટાર્ટઅપ અને એમએસએમઈ મીટ ૩૧ ડિસેમ્બરે યોજાશે

*જામનગર તા. ૨૯: જામનગર લોહાણા મહાજન અને વિશ્વ લોહાણા મહાપરિષદના સંયુક્ત ઉપક્રમે તથા લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેસ ફોરમના સહયોગ અને માર્ગદર્શન સાથે લોહાણા સ્ટાર્ટઅપ અને એમએસએમઈ મીટનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં લોહાણા મહાપરિષદના પ્રમુખ સતિષભાઈ વિઠ્ઠલાણી અને વરિષ્ઠ ઉપપ્રમુખ જીતેન્દ્રભાઈ એચ. લાલ (જીતુભાઈ લાલ) દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.*

*આ કાર્યક્રમ તા. ૩૧-૧૨-૨૦૨૫ અને બુધવારે બપોરે ૪ વાગ્યે પંચેશ્વર ટાવર પાસે બદિયાણી વિંગ, મોદી લોહાણા મહાજન વાડીમાં યોજવામાં આવ્યો છે.*

*જામનગર તથા સમસ્ત હાલારના લોહાણા યુવા, સ્ટાર્ટઅપ ફાઉન્ડેશન અને એમએસએમઈ ઉદ્યોગકારોને દેશ-વિદેશના વિવિધ ઉદ્યોગ સાથે જોડવા માટેનો આ પ્રયાસ છે, અને કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા ઉદ્યોગકારોને નવી દિશા અને વિશાળ પ્લેટફોર્મ પ્રાપ્ત કરવાનો છે.*

*આ અવસર પર લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેસ ફોરમ દ્વારા માર્ગદર્શન, નેટ વર્કિંગ તથા આવનારા એલઆઈબીએફ એક્સપો-૨૦૨૬ મુંબઈ મેલીંગ વિશે મહિતીસભર રજૂઆત કરવામાં આવશે.*

*આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં રઘુવંશી યુવા ઉદ્યોગકારોને જોડાવવા જામનગર લોહાણા મહાજનને પ્રમુખ ભરતભાઈ મોદી, મંત્રી રાજેશભાઈ કોટેચા, લોહાણા મહાપરિષદ સૌરાષ્ટ્ર ઝોન-૨ ના પ્રમુખ અરવિંદભાઈ પાબારી અને મંત્રી નિલેષભાઈ કાનાણી, લોહાણા મહાપરિષદ-રીજનલ હાલારના પ્રમુખ રમેશભાઈ દત્તાણી અને મંત્રી રાકેશભાઈ પંચવતિયા, અને લોહાણા મહાપરિષદ-રીજનલ પોરબંદરમાં પ્રમુખ સંજયભાઈ કારિયા, મંત્રી રાજેશભાઈ લાખાણીએ અનુરોધ કર્યો છે.*

---

થર્ટી પ્લસની રાત્રે

## રણજીતનગર વેપારી મંડળ દ્વારા સુંદરકાંઠના પાઠનું આયોજન

*જામનગર તા. ૨૯: ભારતમાં હિન્દુ ધર્મ અને સંસ્કૃતિની જાળવણી, ધર્મ પ્રત્યે જાગૃતિના હેતુથી જામનગરના રણજીતનગર વેપારી મંડળ દ્વારા થર્ટી ફસ્ટની રાત્રે તા. ૩૧-૧૨-૨૦૨૫ ના રાત્રે ૧૦ થી ૧૧.૩૦ વાગ્યા સુધી પટેલ સમાજ ચોક, રણજીતનગરમાં સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.*

---

દશા શ્રીમાળી જ્ઞાતિ લાણી સંસ્થા દ્વારા

## વડીલ વંદના, તેજસ્વી તારલાઓનું સન્માન, સાધારણ સભા, સ્વામી વાત્સલ્યનું આયોજન

*જામનગર તા. ૨૯: જામનગર દશા શ્રીમાળી જ્ઞાતિ લાણી સંસ્થા દ્વારા આગામી તા. ૪-૧-૨૦૨૬ ના સવારે ૧૦ વાગ્યે પવનચક્કી પાસે કુંવરબાઈ જૈન ધર્મશાળામાં જ્ઞાતિની સાધારણ સભા યોજાશે.*

*આ સાથે વડીલ વંદના, જ્ઞાતિના તેજસ્વી તારલાઓનું સન્માન કરવાનો સમારોહ અને સ્વામી વાત્સલ્ય જમણવારનું આયોજન કરવામાં આવ્યું છે.*

*તેજસ્વી છાત્રોને મધુબેન અશ્વિનભાઈ વાઘજિયાણી તરફથી ઈનામ આપવામાં આવશે. જમણવારનો સમય બપોરે ૧ થી ૩ સુધી રહેશે.*

---

સમગ્ર સૌરાષ્ટ્રમાં નોંધાયા છે ૨૦૫૭ ગુન્હા:

## સાયબર ફ્રોડ માટે બેંક ખાતા ભાડે આપનારની સંખ્યા જામનગર તથા જૂનાગઢમાં અધધધ

*જામનગર તા. ૨૯: ગુજરાત પોલીસ દ્વારા સમગ્ર રાજ્યનાં ઓપરેશન મ્યુલ હંટ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લામાં ૨૦૫૭ બેંક ખાતા ભાડે દેવાયાનું ખૂલ્યું છે. તેમાં જામનગરમાં ૩૬૩ બેંક ખાતામાં સાયબર ફ્રોડની રકમ જમા થયાનું ખૂલ્યું છે. જામનગર અને જૂનાગઢમાં સૌથી વધુ બેંક ખાતા ભાડે દેવાયાનો ઘટસ્ફોટ થયો છે.*

*સાયબર ફ્રોડના વધતા જતા ઘાતકપણા વચ્ચે પોલીસે મ્યુલ એકાઉન્ટ એટલે કે ભાડે લઈને સાયબર ફ્રોડના નાણા જમા કરાવવા માટે રાખવામાં આવેલા બેંક ખાતા અંગે પોલીસે ગુન્હા નોંધવાનું શરૂ કર્યા પછી સમગ્ર સૌરાષ્ટ્રમાં ૨૦૫૭ બેંક એકાઉન્ટ ભાડે મેળવી તેમાં કરોડો રૂપિયાનું ટ્રાન્ઝેક્શન કરી લેવાયાનું શોધી કાઢ્યું છે. જેમાં સમગ્ર સૌરાષ્ટ્રમાં જામનગર ત્રીજા ક્રમે છે.*

*પોતાનું બેંક એકાઉન્ટ ભાડે આપી તેની સામે આ ખાતામાં જમા થયેલી રકમમાંથી અમૂક ટકા રકમ મેળવવાની લાલચ કેળવી ગુન્હામાં ફસાઈ જતા લોકોની સંખ્યા વધી રહી છે. જેમાં જામનગરના ૩૬૩ બેંક ખાતાની વિગતો પોલીસ સમક્ષ ઉપસી આવી છે. આ માટે બાવીસ એફઆઈઆર નોંધવામાં આવી છે અને ૭૯ વ્યક્તિઓને તે અંગેની નોટીસ પાઠવાઈ છે. જ્યારે ૮૭ ખાતાધારકો મળવા પામ્યા નથી.*

*ગુજરાત પોલીસ દ્વારા સમગ્ર રાજ્યમાં શરૂ કરાયેલા ઓપરેશન મ્યુલ હંટમાં સૌરાષ્ટ્રમાં સમાવિષ્ટ ૧૧ જિલ્લામાં ૨૦૫૭ મ્યુલ એકાઉન્ટ પકડી પાડવામાં આવ્યા છે અને તેમાંય ખાસ કરીને જામનગર અને જૂનાગઢમાં વધુ કારસ્તાનો થયાનું બહાર આવ્યું છે.*